# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


## શરદ પવારની તબિયતમાં સુધારો

**પુણે.** છાતીમાં ઇન્ફેક્શન લાગ્યા બાદ અહીંની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારની હાલત સ્થિર છે અને તેમની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે. તેમ ડોક્ટરોએ મંગળવારે જણાવ્યું હતું. 85 વર્ષીય રાજ્યસભાના સભ્યને શ્વાસ લેવામાં તકલીફ અને સતત ઉધરસની ફરિયાદ બાદ સોમવારે બપોરે પુણે જિલ્લાના બારામતી સ્થિત તેમના નિવાસ્થાનેથી 'રૂબી હોલ ક્લિનિક' લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના ફિઝિશિયન અને ટ્રસ્ટી ડો. સિમોન ગ્રાન્ટે જણાવ્યું હતું કે, ''પવારની સ્થિતિ સ્થિર છે. તેમના સ્વાસ્થ્યના તમામ મહત્ત્વપૂર્ણ માપદંડો નોર્મલ છે, તેમની એકંદર ક્લિનિકલ સ્થિતિ સ્થિર છે અને તેઓ સારી રીતે રિકવર થઈ રહ્યા છે.'' ડોક્ટરે વધુમાં ઉમેર્યું કે, દાખલ કરતી વખતે જે સામાન્ય અસ્વસ્થતા જણાતી હતી તેમાં ચાલી રહેલી તબીબી સારવારથી સુધારો થયો છે. સાવચેતીના ભાગરૂપે તેમને હાલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

## જયપુરમાં બે જાપાની નાગરિકો ગુમ

**જયપુર :** રાજસ્થાનના જયપુરમાંથી બે જાપાની પ્રવાસીઓ ગુમ થયા હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું. અશોક નગર પોલીસ સ્ટેશનના એસએચઓ મોતીલાલ શર્માએ જણાવ્યું હતું કે, પ્રવાસીઓ દ્વારા ભાડે રાખવામાં આવેલી ટેક્સીના ડ્રાઇવરે આ અંગે ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આ બંને જાપાની પુરુષો નવી દિલ્હીથી જયપુર આવ્યા હતા અને 7 ફેબ્રુઆરીએ એક હોટલમાં રોકાયા હતા. એસએચઓ મુજબ, 7 ફેબ્રુઆરીની રાત્રે ટેક્સી ડ્રાઇવર બંનેને અશોક નગર વિસ્તારની એક રેસ્ટોરન્ટમાં લઈ ગયો હતો, પરંતુ તેઓ પરત ફર્યા ન હતા. પોલીસે વધુમાં જણાવ્યું કે, ''ડ્રાઇવરે 8 ફેબ્રુઆરીની સવાર સુધી તેમની રાહ જોઈ, પરંતુ તેમણે ડ્રાઇવરનો સંપર્ક કર્યો ન હતો. તેઓ પોતાની હોટલ પર પણ પહોંચ્યા ન હતા. ત્યાર બાદ ડ્રાઇવરે પોલીસનો સંપર્ક કર્યો અને સોમવારે ગુમ થયાની ફરિયાદ નોંધાવી.'' એસએચઓ શર્માએ જણાવ્યું કે, હાલ આ વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.


માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ નોમ બુધવાર ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૩

પાનાં II+૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦







# ભારત-ફ્રાન્સ વચ્ચે સૌથી મોટા રાફેલ સોદાની તૈયારી

**ભારત** ફ્રાન્સ સાથે રૂ. 3.25 લાખ કરોડમાં 114 રાફેલ ફાઇટર જેટના સૌથી મોટા હથિયારોના સોદા પર હસ્તાક્ષર કરવા તૈયાર

**ફ્રાન્સના** રાષ્ટ્રપતિ મેક્રોનની દિલ્હી મુલાકાતના થોડા દિવસો પહેલા આ અઠવાડિયે જ સરંક્ષણ મંત્રાલય સોદાને મંજૂરી આપશે

**ભારત** પાસે પહેલાથી જ 'C' વેરિઅન્ટના 36 રાફેલ છે, રૂ. 63,000 કરોડના સોદામાં 26 નેવલ વેરિઅન્ટ, 'M' વર્ઝનનો ઓર્ડર અપાયો



### ભારત-ફ્રાન્સ વચ્ચેના આ શસ્ત્ર સોદાની દરખાસ્તમાં શું છે

- આ જેટનો એક ભાગ - લગભગ ૧૨ થી ૧૮ - ફ્રાન્સ પાસેથી તૈયાર 'ફ્લાય-અવે' સ્થિતિમાં ખરીદવામાં આવી શકે છે.
- બાકીનો મોટો ભાગ મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્થાનિક ઉદ્યોગ ભાગીદારો સાથે ભારતમાં ઉત્પાદિત કરવામાં આવશે.
- ટેકનોલોજી ટ્રાન્સફર અને ઉત્પાદન લાઇન પરિપક્વ થતાં, જેટમાં સ્વદેશી સામગ્રી સમય જતાં 30-60% સુધી પહોંચી શકે છે.
- ઉત્પાદનમાં વિદેશી અને ભારતીય એરોસ્પેસ કંપનીઓનો સમાવેશ થશે, જે સ્થાનિક કૌશલ્યો, નોકરીઓ અને લાંબા ગાળાની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાને વેગ આપશે.

### પોતાના જેટ કાફલાને આધુનિક બનાવવા ભારત રાફેલ વિસ્તરણ કરી રહ્યું છે

ભારત પહેલાથી જ ભારતીય વાયુસેના સાથે 36 રાફેલ જેટ ચલાવે છે, જેણે તાજેતરના ઓપરેશન્સમાં કાર્યવાહી જોઈ છે અને મજબૂત લડાયક અને એવિઓનિક્સ પ્રદર્શન દર્શાવ્યું છે. ભારતીય નૌકાદળે કેરિયર ઓપરેશન્સ માટે 26 રાફેલ-એમ નૌકાદળના પ્રકારોનો પણ ઓર્ડર આપ્યો છે. આ નવા સંપાદનથી ભારતના રાફેલ કાફલામાં લગભગ 176 વિમાનો થશે, જે તેની હવાઈ લડાઇ ક્ષમતાઓ અને સ્ક્વોડ્રન શક્તિમાં નોંધપાત્ર વધારો કરશે. વિશ્લેષકો કહે છે કે આ મહત્વપૂર્ણ છે કારણ કે ભારત પ્રાદેશિક સુરક્ષા પડકારોને સંતુલિત કરે છે અને જૂના જેટ કાફલાને આધુનિક બનાવવા માંગે છે.

### ફ્રાન્સ સાથેની નવી રાફેલ ડીલ અત્યાર સુધીનો સૌથી મોટો સોદો

ફ્રેન્ચ એરોસ્પેસ જાયન્ટ દસોલ્ટ એવિએશન પાસેથી 114 વધારાના રાફેલ જેટ ખરીદવાનો પ્રસ્તાવ ભારતની હવાઈ શક્તિ માટે એક મોટો વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે. આ વર્ષની શરૂઆતમાં, સંરક્ષણ પ્રાપ્તિ બોર્ડે સંપાદન યોજનાને મંજૂરી આપી હતી, અને હવે તે વધુ મંજૂરી માટે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) પાસે જવા માટે તૈયાર છે. આ સોદાનું અંદાજિત મૂલ્ય 3.25 લાખ કરોડ અર્થાત 39 બિલિયન ડોલર છે, જે તેને ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો શસ્ત્ર સોદો બનાવે છે, જે ભૂતકાળના સંપાદનોને પાછળ છોડી દે છે અને નવી દિલ્હીના તેના લડાયક કાફલાને ઝડપથી આધુનિક બનાવવાના ઇરાદાને પ્રતિબિંબિત કરે છે.

**નવી દિલ્હી, તા. 10 :** ભારતીય વાયુસેનાના મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ પ્રોગ્રામ માટે 114 ફ્રેન્ચ બનાવટના રાફેલ ફાઈટર જેટ ખરીદવાના 3.25 લાખ કરોડ રૂપિયાના સોદાને સંરક્ષણ મંત્રાલય ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની દિલ્હી મુલાકાતના થોડા દિવસો પહેલા આ અઠવાડિયે મંજૂરી આપે તેવી શક્યતા છે એવું સૂત્રોએ મંગળવારે સવારે જણાવ્યું હતું. આ પ્રસ્તાવિત સંપાદન ભારતીય વાયુસેનાના મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ (MRFA) કાર્યક્રમ હેઠળ આવે છે, જેનો ઉદ્દેશ્ય ઘટતી સ્ક્વોડ્રન તાકાતને ધ્યાને લઈને જૂના થતા ફાઈટર કાફલાને બદલવાનો છે.

એકવાર મંજૂર થયા પછી, આ કરાર ભારતીય વાયુસેનાની મારક ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે, જ્યારે સરકારની 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ સ્થાનિક એરોસ્પેસ

...અનુસંધાન પાના 9 પર

# માજી લશ્કરી વડા નરવણેએ લખેલા પુસ્તક અંગે ભારે વિવાદ

**જનરલ** નરવણેનું પુસ્તક પ્રકાશિત નહીં થયું હોવાનો પ્રકાશકનો ખુલાસો

**આ પુસ્તક** ઉપલબ્ધ હોવાનું અગાઉ જણાવનાર નરવણેએ હવે ફેરવી તોળીને પ્રકાશક પેંગ્વિન પબ્લિકેશનના ખુલાસાને ટેકો આપ્યો

**આ પુસ્તકની** કથિત ગેરકાયદે નકલો ફરતી થઇ હોવાના મામલે દિલ્હી પોલિસે ગુનો દાખલ કર્યો




### પ્રી-ઓર્ડર માટે ઉપલબ્ધ પુસ્તક અને પ્રકાશિત થયેલું પુસ્તક એ જુદી બાબતો: પ્રકાશક

પુસ્તક ઉપલબ્ધ હોવાના નરવણેના દાવાના દેખીતા સંદર્ભમાં પેંગ્વિન પબ્લિકેશને ખુલાસો કરતા કહ્યું છે કે જાહેરાત થયેલું પુસ્તક, પ્રી-ઓર્ડર માટે ઉપલબ્ધ પુસ્તક અને પ્રકાશિત થયેલું પુસ્તક એ એક સમાન વસ્તુ નથી. તેણે નિર્ધારિત મુદ્દાઓમાં વધુમાં સમજાવ્યું હતું કે જ્યારે કોઈ પુસ્તકની જાહેરાત કરવામાં આવે છે, ત્યારે તે ફક્ત એટલું જ સૂચવે છે કે પ્રકાશકે ભવિષ્યમાં તેને પ્રકાશિત કરવાની યોજનાઓ શેર કરી છે અને તે પુસ્તક હજુ વેચાણ માટે ઉપલબ્ધ નથી. વધુમાં આ પ્રકાશકે ચેતવણી આપી છે કે કોઇ પણ સ્વરૂપમાં હાલ આ પુસ્તક કે તેનો ભાગ ફરતો થયો હશે તો તે કોપીરાઇટનો ભંગ ગણાશે.

### રાહુલે નરવણેની ૨૦૨૩ની પોસ્ટનો હવાલો આપ્યો

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે પૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણેની ડિસેમ્બર ૨૦૨૩ની એક સોશિયલ મીડિયા પોસ્ટનો હવાલો આપ્યો હતો, જેમાં નરવણેએ લોકોને તેમનું પુસ્તક હવે ઉપલબ્ધ છે તેમ જણાવ્યું હતું. આ દ્વારા ગાંધીએ પબ્લિશર પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયાના એ નિવેદનનું ખંડન કર્યું હતું કે આ 'સ્મરણકથા' (મેમોઇર) હજુ સુધી પ્રકાશિત થઈ નથી.

...અનુસંધાન પાના 9 પર

**નવી દિલ્હી, તા. ૧૦:** ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ એમ. એમ. નરવણેએ તેમની કારકીર્દીની સ્મૃતિઓ અંગે લખેલા એક પુસ્તકના પ્રકાશન અંગે ભારે વિવાદ ઉભો થઇ ગયો છે જે પુસ્તકમાં વર્તમાન સરકારને અનુકૂળ નહીં આવે તેવી બાબતો હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કરીને પુસ્તકમાંના કથિત કેટલાક અવતરણો ગયા સપ્તાહે સંસદમાં ટાંક્યા હતા, જે અવતરણો તેમણે આ પુસ્તક અંગે એક અખબારમાં પ્રકાશિત થયેલા લેખમાંથી ટાંક્યા હતા અને બાદમાં આ પુસ્તકની એક નકલ પણ સંસદ પરિસરમાં દર્શાવી હતી, જે પુસ્તક હજી

...અનુસંધાન પાના 9 પર

# H1B વિઝા પ્રોગ્રામ બંધ કરવા અમેરિકન સાંસદે ખરડો રજૂ કર્યો

**આ વિઝાને** કારણે અમેરિકનો માટેના લાભો ભારતીયો અને ચીનીઓ છીનવી જતા હોવાનો ફ્લોરિડાના રિપબ્લિકન સાંસદનો દાવો

**ન્યૂયોર્ક/વોશિંગ્ટન, 10 (PTI):** એક અમેરિકી સાંસદે H-1B વિઝા પ્રોગ્રામને સમાપ્ત કરવા માટે એક બિલ રજૂ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે કોર્પોરેશનોએ વારંવાર આ સિસ્ટમનો દુરુપયોગ કર્યો છે અને અમેરિકામાં સસ્તો વિદેશી શ્રમ આયાત કર્યો છે. ફ્લોરિડાના રિપબ્લિકન પ્રતિનિધિ ગ્રેગ સ્ટ્યુબેએ 'એન્ડિંગ એક્સપ્લોઈટેટિવ ઈમ્પોર્ટેડ લેબર એક્ઝેમ્પશન એક્ટ' અથવા 'EXILE એક્ટ' રજૂ કર્યો હતો, જે ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટમાં સુધારો કરીને H-1B વિઝા પ્રોગ્રામને સમાપ્ત કરશે.

સ્ટ્યુબેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકી નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિને બદલે વિદેશી શ્રમને પ્રાથમિકતા આપવી એ આપણા મૂલ્યો અને રાષ્ટ્રીય હિતોને નુકસાન પહોંચાડે છે. H-1B વિઝા પ્રોગ્રામ દ્વારા આપણા કામદારો અને યુવાનો સતત વિસ્થાપિત અને વંચિત થઈ રહ્યા છે, જે આપણા કર્મચારીઓના ભોગે કોર્પોરેશનો અને વિદેશી સ્પર્ધકોને ફાયદો પહોંચાડે છે. આપણે આપણા બાળકો માટેનું 'અમેરિકન ડ્રીમ' બિન-નાગરિકોને સોંપી દઈને સુરક્ષિત

...અનુસંધાન પાના 9 પર

તા. ૧૦-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૮° સે. | ૧૮.૨° સે. | ૪૬% |

## પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે ઇમરાન ખાનને જેલમાં મળવાની વકીલને મંજૂરી આપી

**ઈસ્લામાબાદ, તા. ૧૦ (PTI) :** પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે મંગળવારે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના એક વકીલને જેલમાં બંધ પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને મળવાની અને તેમની રહેવાની સ્થિતિ વિશે રિપોર્ટ સબમિટ કરવાની મંજૂરી આપી હતી. ૭૩ વર્ષીય ખાન ૫ ઓગસ્ટ, ૨૦૨૩થી જેલમાં છે, જ્યારે ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠર્યા બાદ લાહોર સ્થિત તેમના નિવાસસ્થાનેથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તેમને રાવલપિંડીની અદિયાલા જેલમાં રાખવામાં આવ્યા છે.

# અમેરિકાએ બાંગ્લાદેશ પરના ટેરિફ એક ટકા ઘટાડ્યા

**નવા** દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ બાંગ્લાદેશ પરના ટેરિફમાં એક ટકાનો ઘટાડો કર્યો

**અમેરિકી** સામગ્રીમાંથી બાંગ્લાદેશમાં બનેલા વસ્ત્રો પર ટેરિફ શૂન્ય કરાય તેવા સંકેતો

**ઢાકા, વૉશિંગ્ટન, તા. 10:** નવા દ્વિપક્ષીય વ્યાપાર કરાર હેઠળ અમેરિકાએ બાંગ્લાદેશી આયાત પરના રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને 19 ટકા કર્યા છે. આ કરાર હેઠળ અમેરિકામાં ઉત્પાદિત કાચા માલનો ઉપયોગ કરીને બનાવેલા પસંદગીના ટેક્સટાઈલ અને ગારમેન્ટ્સ (તૈયાર કપડાં) માટે ડ્યુટી-ફ્રી એટલે કે કર-મુક્ત પ્રવેશની ઓફર કરવામાં આવી છે, તેમ બાંગ્લાદેશના વચગાળાના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે સોમવારે જાહેર કર્યું હતું.

યુનુસે X (ટ્વિટર) પર લખ્યું હતું કે, અમેરિકામાં ઉત્પાદિત સામગ્રીમાંથી બનેલા પસંદગીના બાંગ્લાદેશી વસ્ત્રોને શૂન્ય ટેરિફ (ઝીરો ટેક્સ) સાથે પ્રવેશ મળે તેવો માર્ગ બનાવવા માટે વોશિંગ્ટન પ્રતિબદ્ધ છે. ટેરિફમાં મળેલી આ રાહ વોશિંગ્ટન સાથે નવ મહિના સુધી ચાલેલી વાટાઘાટોનું પરિણામ છે. શરૂઆતમાં, એપ્રિલ મહિનામાં અમેરિકાએ બાંગ્લાદેશી નિકાસ પર 37 ટકા સુધીના ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો હતો. સઘન ચર્ચાઓ પછી, ઢાકાએ ગયા વર્ષે ઓગસ્ટમાં આ દરોમાં ઘટાડો મેળવવામાં સફળતા મેળવી હતી, જેનાથી દર ઘટીને 20 ટકા થયો હતો. યુનુસે આ કરારને રોજગારી બચાવવા અને વૈશ્વિક ટેક્સટાઈલ સપ્લાય ચેઈનમાં

...અનુસંધાન પાના 9 પર

# બાંગ્લાદેશમાં 62 વર્ષીય હિન્દુ વેપારીની દુકાનમાં જ કરપીણ હત્યા

**હુમલાખોરોએ** ધારદાર હથિયારથી હુમલો કર્યા પછી તેને ઘાયલ અવસ્થામાં ત્યાં જ છોડી દુકાનનું શટર બંધ કરી ગયા

**ઢાકા, તા. 10 (PTI) :** બાંગ્લાદેશના મૈમનસિંહના ત્રિશાલ



ઉપઝિલામાં એક 62 વર્ષીય હિન્દુ વેપારીની તેની દુકાનની અંદર જ અજાણ્યા શખ્સો દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું સ્થાનિક મીડિયા અહેવાલે મંગળવારે જણાવ્યું હતું. ત્રિશાલ પોલીસ સ્ટેશનના વડા મુહમ્મદ ફિરોઝ હોસૈને એક ન્યૂઝ પોર્ટલને જણાવ્યું કે, આ ઘટના સોમવારે રાત્રે ઉપઝિલાના બોગર બજાર ચોક પર બની હતી. મૃતકની ઓળખ સુસેન ચંદ્ર સરકાર તરીકે થઈ

...અનુસંધાન પાના 9 પર